આંક–૨૪
દાખલ કર્યા તારીખ –૦૬/૧૨/૨૦૨૩
નોંધણી કર્યા તારીખ–૦૬/૧૨/૨૦૨૩
ફેંસલ કર્યા તારીખ– ૨૮/૦૭/૨૦૨૬

અવધી:– વર્ષ–માસ,–દિવસ
૦૨ ૦૭ ૨૨

---

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજસાહેબની કોર્ટમાં,મું.ભચાઉ–કચ્છ.**

---

**દિ.પ.અ.નં.૮/૨૦૨૩**

**મુકેશ ગણપતરાય પંડયા**
ઉ.વ.૪૪,ધંધો–ખેતી,ધર્મે–હિન્દુ,જાતે–બ્રાહમણ
રહે.મુ.પો.લાકડીયા,તા.ભચાઉ–કચ્છ. **............અરજદાર/વાદી**

**વિરુધ્ધ**

**(૧) જતીન વેરશી સાવલા,**ઉ.વ.૬૦
ધંધો–ખેતી તથા વેપાર
મુળ રહે.લાકડીયા,તા.ભચાઉ–કચ્છ.
હાલે રહે.રૂમ નં.૩૪, ૧૩૦(બી),કલ્યાણ બીલ્ડીગ
ખાડીલકર રોઢ, કાંદીવલી,મુંબઇ
**(૨) શ્રી સુધારામ અરૂણ અગ્રવાલ**
ઉ.વ.૩૭,આશરે ધર્મે–હિન્દુ,ધંધો–બીઝનેશ
રહે.પ્લોટ નં.૪૦,સેકટર–૧,ગાંધીધામ–કચ્છ.
**(૩) શ્રી અજાતશત્રુ અરૂણ અગ્રવાલ**
ઉ.વ.૩૫ આશરે, ધર્મે–હિન્દુ,ધંધો–બીઝનેશ
રહે.પ્લોટ નં.૪૦,સેકટર–૧,ગાંધીધામ–કચ્છ. **............સામાવાળા/પ્રતિવાદી**

---

બાબત:–સી.પી.સી ઓર્ડર–૯ રૂલ–૯ તળે ડીસમીસ ફોર ડીફોલ્ટનો હુકમ સેટેએસાઇડ કરવા માટેની અરજી અંગે....

---

વકીલ શ્રી:–અરજદાર/વાદી તરફે વિ.વકીલ શ્રી એ.એન.સોની
સામાવાળા/પ્રતિવાદી તરફે વિ.વકીલ શ્રી કે.ડી.છાયા

---

**-:: જજમેન્ટ ::-**

(૧) વાદી/અરજદારની અરજીની ટુકમા હકીકત એવી છે કે, વાદીએ હાલની અરજી તેમનો રે.દિ.દાવા નં.૧૩૪/૨૦૧૭ ડીસમીસ ફોર ડીફોલ્ટ થી રદ કરેલ હોય તેને તે રીસ્ટોર કરવા માટે રજુ રાખેલ છે. સદરહુ અરજી સમયમર્યાદામાં દાખલ કરવામા આવેલ છે. આ અરજીના તમામ સામાવાળાઓને નોટીસની બજવણી કરવામા આવેલ છે અને સામાવાળા તરફથી આંક-૧૭ થી લેખીત વાંધા રજુ કરવામા આવેલ છે તેમજ લેખીત વાંધાના સમર્થનમા માર્ક-૧૮/૧ થી દાવાના પ્રોસીડીગ્સની ખરીનકલ રજુ રાખેલ છે તેમજ સામાવાળાના સદરહુ જવાબ સામે આંક-૧૯ થી અરજદારે રી-જોઈન્ડર રજુ રાખેલ છે. આંક-૨૦ થી સામાવાળા તરફથી લેખીત દલીલ રજુ રાખેલ છે તેમજ તેના સમર્થનમા આંક-૨૨ થી બે દસ્તાવેજો રજુ રાખેલ છે. ત્યારબાદ અરજદાર તરફથી આંક-૨૩ થી લેખીત દલીલ રજુ રાખેલ છે.

(૨) અરજદારના વિ.વકીલશ્રી તરફથી દાવો રીસ્ટોર કરવા માટે એ મુજબની રજુઆત કરવામા આવેલ છે કે, તેમના એડવોકેટે જણાવેલ કે, દર મુદતે કોર્ટમા હાજર રહેવાની જરૂરીયાત ન હોય અરજદાર વાદી હાજર રહેતા ન હતા. અરજદારે રોકેલ વકીલ અંજાર મધ્યે રહેતા હોય તેઓને અવારનવાર અંજાર મધ્યે મળીને દાવામાં શું પ્રગતિ થઇ છે તે પુછપરછ કરતા અરજદારના વકીલશ્રીએ જણાવેલ કે, દાવામા પ્રતિવાદીઓ તરીકે જોડવાની અરજીઓ સુધારામ અરૂણ અગ્રવાલ તથા અજાતશત્રુ અગ્રવાલ ધ્વારા નામ.કોર્ટમા રજુ થયેલ છે તે અરજીમાં જે હુકમો થાય પછી દાવો ગુણદોષ ઉપર આગળ ચાલશે. ત્યારબાદ સને ૨૦૨૦ માં દાવાની પ્રગતિ અંગે અરજદારે તેમના વકીલશ્રીને પુછતા જણાવેલ કે, નામ.કોર્ટ ધ્વારા પક્ષકારો જોડવાની અરજી મંજુર કરવામા આવેલ હોય સદરહુ પક્ષકારો જવાબ રજુ રાખશે પછી કેસ આગળ ચાલશે. ત્યારબાદ સને ૨૦૨૨ માં ડીસેમ્બરમા દાવાની પ્રગતિ વિશે પુછતા વકીલશ્રીએ જણાવેલ કે

કોરોના મહામારીના કારણે દાવો આગળ ચાલવામા વિલંબ થાય છે અને વારંવાર દાવાની પ્રગતિ અંગે પુછપરછ કરવી નહી જયારે તમોની જરૂર પડશે ત્યારે તમોને રુબરુ બોલાવીશું.ત્યારબાદ અરજદારે ગત દિવાળી બાદ નવા વર્ષમાં નુતન વર્ષાભિનંદનની આપલે કરવા માટે વકીલશ્રીને મળતા વકીલશ્રીએ પોતાના મોબાઇલ ફોનમાં જોઇને કહેલ કે, દાવામાં આગળની મુદત બોલતી નથી અને દાવો કોર્ટના રેકર્ડમાંથી નીકળી ગયેલ છે. આમ, અરજદારનો દાવો અરજદારના વકીલશ્રી દરમુદતે નામ.કોર્ટમા હાજર રહેતા નથી તેથી નીકળી ગયો હોય અરજદાર કાયદાની આટીઘુંટી સમજી શકતા ન હોય અરજદારનો કેસ ગુણદોષ ઉપર ચાલે તે યોગ્ય અને જરૂરી હોય  ડીસમીસ ફોર ડીફોસ્ટનો હુકમ સેટેસાઇડ કરી વાદીની અરજી મંજુર કરી  દાવો રીસ્ટોર કરવા અરજ ગુજારેલ છે.

(૩) સામાવાળાના વિ.વકીલશ્રી તરફથી એ મુજબની રજુઆત છે કે, સીપીસી ઓર્ડર–૯ રૂલ–૯ ની જોગવાઇ દાવો ગેરહાજરી સબબ ડીસમીસ કરેલ હોય તેવા સંજોગોમાં લાગુ પડે છે જયારે હાલના કેસમાં વાદીએ નામ.કોર્ટના હુકમનું પાલન કરેલ ન હોય તેથી દાવો રદ કરેલ હોય હાલનો દાવો રીસ્ટરો થઇ શકે નહી. વધુમા વાદીના વકીલશ્રીની નિષ્કાળજી માત્રથી દાવો રીસ્ટોર થવાપાત્ર નથી. વધુમાં માર્ક–૧૮/૧ થી રજુ રાખવામા આવેલ પ્રોસીડીગ્સ વંચાણે લેતા વાદીને પુરતી તક આપવા છતાં વાદીએ હાજર રહી કેસ આગળ ચલાવેલ ન હોય વાદીની અરજી મંજુર થવાપાત્ર નથી.

(૪) ઉપરોકત હકીકતે બંને પક્ષને સાંભળ્યા તેમજ અરજીનું રેકર્ડ વંચાણે લીધું.  વાદી ધ્વારા તેમનો દાવો સ્પે.દિવાની દાવા નં.૧૩૪/૨૦૧૭ સને ૨૦૧૭ ની સાલમાં દાખલ કરેલ છે. આ દાવો પ્રતિવાદી વેરશી જીવરાજ સાવલા સાથે કરવામા આવેલ સાટાકરારના અમલીકરણ માટે દાખલ કરેલ છે. આ દાવો પેન્ડીગ હતો તે સમય દરમ્યાન સુધારામ અગ્રવાલ તેમજ અજાતશત્રુ

અગ્રવાલ તરફથી સીપીસી ઓર્ડર–૧ રૂલ–૧૦ મુજબ દાવામા પક્ષકાર તરીકે દાખલ કરવા માટે આંક–૧૦ થી અરજી રજુ રાખેલ છે. જેમાં બંને પક્ષોને સાંભળીને તા.૪/૧૨/૨૦૧૯ ના રોજ સદરહુ સુચીત પક્ષકારોને પ્રતિવાદી નં.૨ અને ૩ તરીકે જોડવાનો હુકમ કરવામા આવેલ છે અને વાદીને દાવા અરજીમાં જરૂરી સુધારો કરવા અને સુધારેલ દાવાઅરજી દિન–૨૦મા રજુ કરવા હુકમ કરેલ છે. આ હકીકતે વાદી ધ્વારા જે રજુઆત કરવામા આવેલ છે કે, તેમના વકીલે વાદીને જણાવેલ કે આ દાવામાં પક્ષકારો દાખલ થયા છે અને તેઓ જવાબ રજુ કરશે તેથી દાવો આગળ ચાલશે તે અંગે સદરહુ હુકમ મુજબ વાદીએ દાવાઅરજીમાં સુધારો કરેલ નથી કે સુધારેલી દાવાઅરજી રજુ રાખેલ નથી.દાવામાં આંક–૧૦ વાળી પક્ષકારો જોડવાની અરજી વાદીએ આપેલ નથી પરંતુ સુચીત પક્ષકારોએ આપેલ છે અને તેઓ આ દાવાના કામે સામેથી જોડાવા માટે આવેલ છે. આ સંજોગોમાં જો વાદી દાવા અરજીમાં સુધારો કરવા માંગતા ન હોય તો તે બાબત વાદીએ કોર્ટ સમક્ષ હાજર રહીને જાહેર કરવી જોઇએ કે સદરહુ પક્ષકારોને વાદીએ જોડેલ નથી તેથી વાદી દાવાઅરજીમા સુધારો કરવા માંગતા નથી. વાદીએ આવી કોઇ રજુઆત કરેલ નથી અને વાદી સતત ગેરહાજર રહેલા છે.

(૫) સને ૨૦૨૨ ના ડીસેમ્બર મહીનામાં વાદીના વકીલે વારંવાર પ્રગતિ અંગે પુછપરછ કરવી નહી અને જરૂર પડે કોર્ટમાં રુબરુ બોલાવીશું તેથી વાદીને તારીખ અંગે કોઇ જાણકારી ન હોય તે દલીલ પણ સ્વીકારવાપાત્ર જણાઇ આવતી નથી કારણ કે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ વંચાણે લેવામા આવે તો તેમાં વાદીને કોવીડ મહામારી બાદ તા.૨૭/૭/૨૦૨૨ ના રોજ હાજર રહેવાની નોટીસ કરી છે જે વાદીને બજી ગયેલ હોય તેમ છતાં તા.૪/૧૨/૨૦૧૯ ના રોજ કરવામા આવેલ હુકમનું પાલન વાદી કરવા માંગે છે કે કેમ તે અંગે જવાબ આપવા માટે તા.૮/૧૧/૨૦૨૩ સુધી હાજર રહેલ નથી. આમ, આ સંજોગોમાં કોર્ટ પાસે વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કર્યા સીવાય કોઇ વિકલ્પ રહેતો નથી.

(૬) હાલની અરજીના કામે સામાવાળા તરફથી સરફેસી એકટને લઈને રજુઆત કરવામા આવેલ છે પરંતુ રીસ્ટોરેશનના સમયે આવી કોઈ જોગવાઈ અત્રેની કોર્ટે ધ્યાને લેવાની રહેતી ન હોય રીસ્ટોરેશનના નિર્ણય સમયે માત્ર એ બાબત ધ્યાન પર લેવાની રહે છે કે, વાદીનો દાવો તેની ગેરહાજરી સબબ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામા આવેલ છે તે દિવસે વાદી કયાં કારણથી કોર્ટમાં હાજર રહી શકેલ નથી તે કારણ કોર્ટને સંતોષકારક અને માનવાલાયક જણાય તો દાવો રીસ્ટોર કરવાનો રહે છે. હાલની અરજીના કામે વાદીએ તેમની અરજીમાં ગેરહાજર રહેવાનું એક જ કારણ જણાવેલ છે કે તેમના વકીલશ્રીએ તેઓને યોગ્ય માર્ગદર્શન આપેલ નથી કે તેમના વકીલશ્રી તેમના વતી દાવાના કામે હાજર રહેલ નથી. આમ, આ કારણ સંતોષકારક અને માનવાલાયક જણાય છે કે કેમ તે **અંગે નામ.ગુજરાત વડી અદાલતના રવીન્દ્ર મુરલીધર ભાંભરે વિરુધ્ધ આંતાજી જીણાજી ઠાકોરના વારસો તથા અન્ય સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૨૦૭/૨૦૨૫ ના પારા–૧૦.૨ થી ૧૦.૬ વંચાણે** લેવા જરૂરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે.

10.2 The trial court correctly observed in the impugned order that the plaintiff did not state the correct date on which he came to know about the order of dismissal of the suit. The impugned application bereft of any particulars except either blaming his advocate for not informing him about the dismissal and stated further that he went to his native place at Nasik where he fell ill. If the plaintiff was unwell and went to his native place, he could have easily submitted medical evidence in support of his plea in the impugned application. However, nothing was submitted with the impugned application or the present petition to substantiate the claim.

10.3 The plaintiff cannot blame his lawyer for not informing him about the outcome of his suit because it was the plaintiff's duty, being a party to the suit, to stay in touch with his advocate, which he could have done even though healleged to have been moved to his native place.

10.4 It is apt to rely upon the decision of Honourable Supreme Court of India in a case of Rajneesh Kumar & Anr V/ S Ved Prakash reported in 2024 (14) SCALE 406 wherein held as under,

"[10] It appears that the entire blame has been thrown on the head of the advocate who was appearing for the petitioners in the trial court. We have noticed over a period of time a tendency on the part of the litigants to blame their lawyers of negligence and carelessness in attending the proceedings before the court. Even if we assume for a moment that the concerned lawyer was careless or negligent, this, by itself, cannot be a ground to condone long and inordinate delay as the litigant owes a duty to be vigilant of his own rights and is expected to be equally vigilant about the judicial proceedings pending in the court initiated at his instance. The litigant, therefore, should not be permitted to throw the entire blame on the head of the advocate and thereby disown him at any time and seek relief.

[12] As regards the law of limitation, we may refer to the decision of

this Court in Bharat Barrel & Drum MFG Go. v. The Employees State Insurance Corporation, 1971 2 SCC 860, wherein this Court held as under:-

"The necessity for enacting periods of limitation is to ensure that actions are commenced within a particular period, firstly to assure the availability of evidence documentary as well as oral to enable the defendant to contest the claim against him; secondly to give effect to the principle that law does not assist a person who is inactive and sleeps over his rights by allowing them when challenged or disputed to remain dormant without asserting them in a Court of law. The principle which forms the basis of this rule is expressed in the maximum vigilantibus, non dermientibus, jura subveniunt (the laws give help to those who are watchful and not to those who sleep). Therefore, the object of the statutes of limitations is to compel a person to exercise his right of action within a reasonable time as also to discourage and suppress stale, fake or fraudulent claims." (Emphasis supplied)

10.5 At this stage, it is also profitable to rely upon the decision of this Court in the case of Samusunisha Begaum W/o Dr Nasarullahkhan DhanianiVishnukumar Ambelal Patel reported in 2012 (3) GLR 2565; 2012 (0) AIJEL-HC 226913, wherein (Honourable Justice J. B.

Pardiwala, his lordship then was) held as under:-

"24. In the present case, it is undisputed that the suit was preferred in the year 1987. The issues in the suit were framed by the Court on 30/9/1995 and the first date of hearing after framing of issues was 29/11/1995. From the year 1995 to 1999, there was no progress in the suit. On 20/9/1999, the Civil Court in the absence of the plaintiff as well as his Advocate, dismissed the suit for non prosecution. From 20/9/1999 the original plaintiff did not do anything till he passed away on 9/6/2004. I am at a loss to fathom that not even once in six years the original plaintiff thought fit to inquire with his Advocate as regards the status of the civil suit and its progress even assuming that the original plaintiff and his family was not in India and had migrated to U.S.A. If the original plaintiff was so much keen to pursue the suit with seriousness then probably before leaving for U.S.A. he could have even executed a power of attorney in favour of any person, who could have proceeded with the suit but even that was not done. The fact that till 9/6/2004 i.e. till the date the original plaintiff passed away, he did not even bother to inquire once with his Advocate about the progress and status of the suit, itself goes to show that he was not at all serious to go ahead with the suit. Not only this but even thereafter the respondents as legal heirs of the original plaintiff preferred an application almost after a period of ten months

from the date of demise of the original plaintiff.

25. Under such circumstances, the Trial Court committed a serious error in condoning delay on the ground that the Advocate Shri Upadhyay did not inform the original plaintiff as well the respondents about the dismissal of the suit for non prosecution. Even if I assume for a moment that the same is true by itself would be no ground to condone such a long and inordinate delay as the litigant owes a duty to be vigilant of his own rights and is expected to be equally vigilant about the judicial proceedings pending in the Court initiated at his instance. The litigan, therefore, should not be permitted to throw the entire blame on the head of the Advocate and thereby disown him at any time and seek relief. I regret to state that in the present case, learned Advocate of the plaintiff Shri Upadhyay for some reasons has taken up the entire blame on his head and it appears that the same has been done only with a view to get the delay condoned. Over a period of time there is a growing tendency on the part of an Advocate to file affidavit trying to explain the circumstances, under which, delay has occurred be it in preferring an appeal or filing an application for restoration of suit like in the present case etc. I am of the view that the practice of an Advocate filing his affidavit in an application filed under Order 9 Rule 9 of Civil Procedure Code is totally wrong and deserves to be deprecated. I have noticed in many

cases that even though an Advocate is not at fault, he would file an affidavit taking the entire blame upon himself only because the lethargic and negligent litigant wants him to file such an affidavit so that the Court concerned in the name of substantial justice would condone the delay. Affidavit of an Advocate may come on record in the rarest of rare circumstances and not as a matter of course. Let me assume for a moment that in the present case, concerned Advocate of the original plaintiff could not remain present on 20/9/1999 the day on which the Trial Court dismissed the suit for non prosecution and thereafter he was not able to keep a track of the suit but was it not the duty of the original plaintiff to keep watch on the proceedings and inquire once atleast with his Advocate as regards the status of the suit- This could have been done even if the original plaintiff and his family was in U.S.A. I do not blame the original plaintiff in going to U.S.A. but being a litigant in the Court of Law he is expected to keep a close watch on the proceedings as well as on the status of such proceedings. After filing a civil suit a litigant can not go off to sleep and wake up from a deep slumber after 5 years as if the Court is a storage of suits filed by such negligent litigants. If that be so, then Court would be quite justified in dismissing the suit for non prosecutio and should be loathe enough to restore the suit unless strong grounds are made out by the party concerned. There is one

more reason why I am very serious in commenting on the practice of Advocates filing affidavit. There is a general impression in the mind of the litigants that if a lawyer would file an affidavit saying that he was unable to attend the Court or because of his negligence the suit or appeal came to be dismissed then the Court would very willingly accept such explanation and condone the delay. This impression needs to be eradicated. Advocates at time forget that in the zeal to help the client by filing such affidavit they would land up in difficulty if a litigant would file proceedings for compensation on the ground of deficiency in service.

26. At this stage, I deem fit and proper to quote para 8 of the Supreme Court decision in case of Salil Dutta V/s. T. M. & M. C. Private Ltd. reported in (1993) 2 SCC 185. ["8.The Advocate is the agent of the party. His acts and statements, made within the limits of Authority given to him, are the acts and statements of the principal i.e. the party who engage him. It is true that in certain situations, the Court may, in the interest of justice, set aside a dismissal order or an ex parte decree notwithstanding the negligence and/or misdemeanour of the Advocate where it finds that the client was an innocent litigant but there is no such absolute rule that a party can disown its Advocate at any time and seek relief. No such absolute immunity can be recognized. Such an absolute rule would make the

working of the system extremely difficult. The observations made in Rafiq [AIR 1981 SC 1400] must be understood as an absolute proposition. As we have mentioned hereinabove, this was an on-going suit posted for final hearing after a lapse of seven years of its institution. It was not a second appeal filed by a villager residing away from the city, where the Court is located. The defendant is also not a rustic ignorant villager but a private limited company with its head office at Calcutta itself and managed by educated businessmen who now where their interest lies. It is evident that when their applications were not deposed of before taking up the suit for final hearing they felt piqued and refused to appear before the Court. May be, it was part of their delaying tactics as alleged by the plaintiff. Maybe not. But one thing is clear they chose to non-cooperate with the Court. Having adopted such a stand towards the Court, the defendant has no right to ask its indulgence. Putting the entire blame upon the Advocate and trying to make it out as if they were totally unaware of the nature or significance of the proceedings is a theory which cannot be accepted and ought not to have been accepted."]

10.6 So, in the present case when the plaintiff himself remained indolent for years together and did not bother to get the status of the suit by contacting his lawyer after it was filed in year, 2011, no fault

can be found with anyone else except the plaintiff.

(૭) આમ, નામદાર ગુજરાત વડી અદાલતે ઉપરોકત પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતને હાલની અરજીની હકીકત સાથે સરખાવી વંચાણે લેવામા આવે તો તા.૨૭/૭/૨૦૨૨ ની નોટીસ અરજદારને બજેલ નથી તેવી રજુઆત અરજદારની નથી. વધુમાં અરજદારની અરજીના પારા–૬ માં અરજદાર જણાવે છે કે તેઓએ દિવાળી પર નુતન વર્ષાભિનંદન આપતા સમયે તેમના કેસની હકીકત અંગે પુછતા તેમના મોબાઇલ ફોનમાં જોઇને કહેલુ કે દાવો નીકળી ગયેલ છે. તે હકીકત એ બાબત દર્શાવે છે કે, અરજદારના વકીલશ્રી કેસનું સ્ટેટસ મોબાઇલ માંથી જોઇ શકે છે. વધુમાં અરજદાર લાકડીયા મુકામે રહે છે અને કેસની પુછપરછ માટે તેઓ વારંવાર તેમના વકીલશ્રીને કે જેઓ અંજાર મુકામે રહે છે તેને પુછપરછ કરે છે જયારે લાકડીયા ગામ કે જે ભચાઉ તાલુકાનુ છે ત્યાંથી અંજાર જવુ હોય તો ભચાઉ થઇને જવાતું હોય તેમ છતાં અરજદાર વાદી ભચાઉ કોર્ટમાં ચાલતા તેમના કેસની તપાસ માટે ભચાઉ કોર્ટમાં ન આવતા કે જે ભૌગોલીક રીતે વાદીના રહેઠાણથી નજીક છે તેમ છતાં અંજાર મુકામે કેસની પ્રગતિના અહેવાલ માટે જતા હોય અરજદાર વાદીની સદરહુ રજુઆત માનવાલાયક પણ જણાઇ આવતી નથી. આમ, અરજદાર વાદી કે જેઓ જાણે છે કે કોર્ટ ધ્વારા તા.૪/૧૨/૨૦૧૯ ના રોજ પક્ષકારો જોડવા માટે હુકમ કરેલ છે તેમ છતાં યોગ્ય સમયમર્યાદામાં હાજર રહેલ ન હોય તેમજ આંક–૧૩ વાળી નોટીસ તા.૨૭/૭/૨૦૨૨ ના રોજ બજી જવા છતા આશરે સવા વર્ષ સુધી હાજર રહેલ ન હોય તેમજ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીએ જણાવેલ ગેરહાજરીનું કારણ સંતોષકારક અને માનવાલાયક જણાઇ આવતુ ન હોય આથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની દાવો રીસ્ટોરેશનની અરજી આથી **નામંજુર યાને રદ** કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૮મી, માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૨૮/૦૭/૨૦૨૬ સહી/–

મુ.ભચાઉ–કચ્છ. **(વિશાલકુમાર યોગેશકુમાર ત્રિવેદી )**

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,ભચાઉ–કચ્છ.**

**કોડ નં.જી.જે.૦૧૨૮૭**